ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને વર્ષ
૨૦૨૨-૨૩ માટેની રૂ.૨૦૦.૦૦ લાખની
શેરમૂડી ગ્રાન્ટ પૈકી રૂ.૫૦.૦૦ લાખની
ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૦૦/૧૧૧૧/અ.૧(પા.ફા.)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૮/૦૬/૨૦૨૨

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૭/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૨૨-૨૩/૫૩૮-૩૯

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં શેરમૂડીની ગ્રાન્ટ પેટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની શેરમૂડી ગ્રાન્ટ પૈકી રૂ.૫૦.૦૦ લાખ(અંકે રૂપિયા પચાસ લાખ પુરા)ની શેરમૂડી ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૪૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૯ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને શેરમૂડી હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાંકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૪/૦૬/૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

યુ.કે.પાઠક

(યુ. કે. પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

(૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ